# 21. સામાજિક પરિવર્તન

## સ્વાધ્યાય

### પ્રશ્ન 1: નીચેના પ્રશ્નોના ઉત્તર સવિસ્તર લખો:

#### (1) ભારતીય બંધારણમાં કયા બાળ અધિકારોનો સમાવેશ કરવામાં આવ્યો છે?

- ભારતીય બંધારણમાં નીચેના અધિકારોનો સમાવેશ કરવામાં આવ્યો છે:
- જાતિ, રંગ, લિંગ, ભાષા, ધર્મ, કે રાષ્ટ્રીયતાના કોઈ પણ ભેદભાવ વિના પ્રત્યેક બાળકને જીવન જીવવાનો જન્મજાત અધિકાર છે.
- માતા-પિતા દ્વારા બાળકોનું યોગ્ય રીતે પાલન-પોષણ થાય તથા કોઈ ખાસ કારણ વિના બાળકને તેનાં માતપિતાથી અલગ કરી શકાય નહિ.
- પોતાના વ્યક્તિત્વનો વિકાસ સાધી શકે એ માટે દરેક બાળકને શિક્ષણ મેળવવાનો મૂળભૂત અને હવે કાનૂની અધિકાર છે.
- દરેક બાળકને તેની વયકક્ષાને અનુરૂપ રમતગમત અને મનોરંજનની પ્રવૃત્તિઓમાં ભાગ લઈ, સ્વસ્થ અને આનંદી જીવન જીવવાનો અધિકાર છે.
- દરેક બાળકને તેના અંતઃકરણ મુજબ ધર્મ અને તેના સમુદાયમાં રહેવાનો તથા પોતાની સંસ્કૃતિ જાળવવાનો અધિકાર છે.
- દરેક બાળકને પોતાને કોઈ પણ પ્રકારે થતાં શારીરિક કે માનસિક શોષણ કે અત્યાચારો સામે, નશીલી દવાઓના ઉપાયોગ સામે, અમાનવીય યાતનાઓ સામે, શિક્ષા કે દંડ સામે રક્ષણ અને સલામતી મેળવવાનો અધિકાર છે.
- દરેક બાળકને સામાજિક સુરક્ષા દ્વારા સામાજિક વિકાસ સાધીને તંદુરસ્ત જીવન ધોરણ પ્રાપ્ત કરવાનો અધિકાર છે.

#### (2) વૃદ્ધોની સમસ્યાઓ વર્ણવો તથા તેમના રક્ષણ અને કલ્યાણ સંબંધી જોગવાઈઓ વર્ણવો.

- <u>વૃદ્ધોની સમસ્યાઓ:</u>
- પશ્ચિમી સંસ્કૃતિ, વિભક્ત કુટુંબમાં રહેવાની ઘેલછાએ સંતાનોની પોતાનાં વૃદ્ધ માતા-પિતા તરફની નૈતિક ફરજો, મૂલ્યો અને સંસ્કૃતિ ભુલાવ્યા છે.
- વૃદ્ધ માતાપિતાને આર્થિક મદદ, સંવેદનાવિહીન અને લાગણીશૂન્ય વર્તન-વ્યવહારથી મજબૂર બનીને 'ઘરડાઘરો' (વૃદ્ધાશ્રમો)માં રહેવા જવાની ફરજ પડે છે.
- <u>વૃદ્ધોના રક્ષણ અને કલ્યાણ માટે સરકારે કરેલી જોગવાઈઓ:</u>
- કેન્દ્ર સરકારે 'વૃદ્ધો અંગેની રાષ્ટ્રીય નીતિ-1999'અમલમાં મૂકી છે. આ નીતિ અન્વયે વૃદ્ધોને પેન્શનરૂપે આર્થિક મદદ આપવામાં આવે છે. દા.ત., ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના અને અટલ પેન્શન યોજના.
- 'સિનિયર સિટિજન્સ' માટેની સ્કીમ હેઠળ વૃદ્ધોને બૅન્ક અને પોસ્ટઑફિસમાં મૂકેલ ડિપૉઝિટ પર વધુ વ્યાજની સવલત આપવામાં આવે છે.
- બસ, રેલવે કે હવાઈ મુસાફરીમાં વૃદ્ધ સ્ત્રી-પુરુષોને ટિકિટના દરમાં 30થી 50% સુધીની રાહત

આપવામાં આવે છે.

- રાજ્ય સરકારે પ્રત્યેક જિલ્લામાં એક સુવિધાયુક્ત 'ઘરડાંઘર' (વૃદ્ધાશ્રમ)ખોલ્યું છે.
- વૃદ્ધાશ્રમોમાં સંગીત, યોગ, રમતગમત તેમજ માનસિક ક્ષમતા વધે તેવી પ્રવૃત્તિઓ દ્વારા વૃદ્ધોના જીવનને શાંતિપ્રદ બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.
- શહેરોમાં વૃદ્ધો માટે અલગ બગીચા બનાવ્યા છે.
- ઘરેલું હિંસા, શોષણ અને અત્યાચારો સામે વૃદ્ધોને રક્ષણ આપવા માટે સરકારે 'માતાપિતા અને સિનિયર સિટિઝન્સની સારસંભાળ અને કલ્યાણ સંબંધી કાયદો 2007' અમલમાં મૂક્યો છે, જે અન્વયે વૃદ્ધોને હેરાન કરતાં તેનાં સંતાનોને સજા અને દંડ કરવાની જોગવાઈ કરી છે.
- વૃદ્ધોની સારસંભાળની જવાબદારી કાયદેસર રીતે તેમનાં કુટુંબીજનો અને સગાંઓ પર લાદવામાં આવી છે.
- આથી વૃદ્ધો તેમનાં સંતાનો પાસેથી ભરણપોષણ મેળવવા માટે હકદાર બન્યાં છે.
- કેન્દ્ર સરકારે વિશિષ્ટ યોગદાન બદલ પ્રૌઢોને સન્માનિત કરવાનો કાર્યક્રમ અમલમાં મૂક્યો છે.

### (3) માહિતી મેળવવાના અધિકારના હેતુઓ જણાવી માહિતી મેળવવાની પ્રક્રિયા જણાવો.

- **માહિતી મેળવવાના અધિકારના હેતુઓ :**
- બધાં સરકારી તંત્રો અને જાહેર સંસ્થાઓની વહીવટી કામગીરી પારદર્શક, સ્વચ્છ, સરળ અને ઝડપી થાય અને તેમાં પ્રજાનો સહયોગ પ્રાપ્ત થાય એ હેતુથી 'માહિતી મેળવવાના અધિકાર બાબતનો અધિનિયમ – 2005' બનાવવામાં આવ્યો છે.
- **માહિતી મેળવવાની પ્રક્રિયા :**
- માહિતી મેળવવાના અધિકાર અન્વયે માહિતી મેળવવા માટે અરજદારે નિયત નમૂનામાં, નિર્ધારિત ફીની રકમ રૂ. 20 રોકડા અથવા પોસ્ટલ ઑર્ડર, પે ઓર્ડર કે નૉન-જ્યુડિશિયલ સ્ટેમ્પ અરજી સાથે જોડવાની રહે છે.
- આ અરજી સ્વહસ્તાક્ષરમાં, ટાઈપ કરેલ કાગળમાં કે ઇ-મેઇલ દ્વારા પણ જે તે વિભાગમાં કરી શકાય છે. બી.પી.એલ. યાદી હેઠળના અરજદારે ફીની રકમ કે અન્ય કોઈ ચાર્જ ચૂકવવાનો હોતો નથી. માહિતીની અરજીમાં કયાં કારણોસર માહિતી માંગવામાં આવી છે, તેના કારણો જણાવવાની જરૂર નથી.
- અરજદારની અરજી મળ્યાની પહોંચ માટે જે તે મદદનીશ જાહેર માહિતી અધિકારીએ અરજીનો ક્રમાંક (ID) પાડીને, અરજદારને એક નકલ આપશે. ત્યાર પછીના અરજીના સંદર્ભમાં કરવાનાં પત્રવ્યવહારનો ID ક્રમાંક લખવાનો હોય છે.
- માહિતી મેળવવા માટે અરજદારે કરેલી અરજી સ્વીકાર્યાના 30 દિવસમાં મદદનીશ જાહેર માહિતી અધિકારીએ અરજીનો નિકાલ કરવાનો હોય છે. અરજદારે કોઈ નકલ કે નમૂના માગ્યા હોય, તો કાયદામાં નક્કી કરેલ ધોરણ અનુસાર ફી વસૂલ કરીને માહિતીનો જવાબ આપવાનો હોય છે.
- જો માહિતી રાષ્ટ્રના સાર્વભૌમત્વ, સલામતી કે હિતને સ્પર્શતી ગોપનીય બાબતો અંગેની હોય, અદાલતનો તિરસ્કાર થઈ શકે તેવી હોય કે વૈજ્ઞાનિક રહસ્યો તથા ગુનાને ઉત્તેજન મળે તેવી હોય, તો એ માહિતી આપવાનો ઈન્કાર કરી શકાય છે.

### (4) બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણના અધિકારની મુખ્ય જોગવાઈઓ સમજાવો.

- કેન્દ્ર સરકારે ઈ.સ. 2009માં 6 થી 14 વર્ષની વય જૂથનાં બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણના અધિકારનો કાયદો અમલમાં મૂક્યો હતો. એ કાયદાને આધીન રહીને ગુજરાત સરકારે 18 ફેબ્રુઆરી, 2012ના રોજ 'બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણના હકના નિયમો – 2012' જાહેર કર્યા છે.
- બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણના અધિકારની મુખ્ય જોગવાઈઓ નીચે મુજબ છે.
- 6 થી 14 વર્ષની ઉંમરના દરેક બાળકને તેના ઘરની નજીકની શાળામાં પ્રવેશ અપાવો. ઉંમરના આધાર માટે જન્મનું પ્રમાણપત્ર ન હોવાને કારણસર બાળકને પ્રવેશ આપવાનો ઈન્કાર થઈ શકશે નહિ.
- 14 વર્ષ પૂરાં થયાં હોય તો પણ બાળકના પ્રાથમિક શિક્ષણ પૂરું કરે ત્યાં સુધી તેનું શિક્ષણ ચાલું રાખીને મફત શિક્ષણ આપવું.
- શાળામાં પ્રવેશ આપતી વખતે બાળકની ઉંમર 6 વર્ષની હોવી જોઈએ. બાળકના જન્મનો દાખલો ન હોય તો હૉસ્પિટલનો રેકોર્ડ અથવા બાળકની ઉંમર અંગે માતાપિતાએ કરેલા સોગંદનામાના આધારે પ્રવેશ આપી શકાશે.
- કોઈ પણ જાતના ભેદભાવ વિના દરેક બાળકને શાળામાં પ્રવેશ આપવો.
- પ્રવેશ માટે બાળકને પ્રવેશ આપતી વખતે બાળકની પ્રવેશ-પરીક્ષા લેવી, બાળક અને માતા પિતાનો ઈન્ટરવ્યૂ લેવો; માતાપિતાની આવક, શૈક્ષણિક લાયકાત અને યોગ્યતા તપાસવી વગેરેમાંથી કોઈ પણ કરી શકાશે નહિ.
- 3 થી 5 વર્ષના વયજૂથના બાળકોના શિક્ષણ માટે પ્રિ-સ્કૂલનું શિક્ષણ, તેનો અભ્યાસક્રમ, મૂલ્યાંકન તેમજ તેમના શિક્ષકો માટે ખાસ તાલીમ માટેના નિયમો વગેરે બાબતોને આ કાયદા હેઠળ આવરી લેવામાં આવી છે.
- નબળા વર્ગો કે પછાત વર્ગો (SC અને ST)માંથી અભ્યાસ માટે પ્રવેશ મેળવવા માગતા બાળકોને તેમની કાયદામાં દર્શાવેલી ઓળખના આધારે બી.પી.એલ. યાદી પરનાં કુટુંબના બાળકોને સરકારમાન્ય ખાનગી પ્રાથમિક શાળામાં ધોરણ 1માં વર્ગની કુલ ક્ષમતાથી 25%ની મર્યાદામાં ફરજિયાત પ્રવેશ આપવાનો રહેશે.
- શાળાના શિક્ષકો ખાનગી ટ્યુશનની પ્રવૃત્તિ કરી શકશે નહિ.
- શાળાના લઘુ લાયકાત ધરાવતા શિક્ષકોએ 5 વર્ષમાં નિર્ધારિત ધોરણે શૈક્ષણિક લાયકાત મેળવવી પડશે.
- બદલી સિવાયના કારણસર બાળક પ્રાથમિક શિક્ષણ પૂરું ન કરે ત્યાં સુધી તેને શાળામાંથી હાંકી કાઢી શકાશે નહિ.
- ખાનગી પ્રાથમિક શાળાઓમાં પ્રવેશ પામેલ SC, STનાં બાળકોની ફી શરતોને આધીન રહીને સરકાર ચૂકવશે.
- આ કાયદાની જોગવાઈઓનું પાલન માટે સરકારે એક અલગ વ્યવસ્થાતંત્ર, ટ્રિબ્યુનલ કે રાજ્ય કાઉન્સિલ જેવી જોગવાઈઓ કરી છે.
- આ કાયદાના ભંગ બદલ શાળાના સંચાલકોને દંડ કરવાની અને શાળાની માન્યતા રદ કરવા સુધીની જોગવાઈ કાયદામાં કરવામાં આવી છે.

**(5) રાષ્ટ્રીય અન્ન સુરક્ષા ધારા અન્વયે અનાજ સંબંધી વિવિધ સંવર્ગોને અનાજ વિતરણ સંબંધી તથા જાહેર વિતરણ પ્રણાલી સંબંધિત જોગવાઈઓ વિગતે ચર્ચો.**

- કેન્દ્ર સરકારે 5 જુલાઈ, 2013ના રોજ રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાયદો પસાર કર્યો. આ કાયદાની અનાજસંબંધી, વિવિધ સંવર્ગોને અનાજ વિતરણસંબંધી તથા જાહેર વિતરણ પ્રણાલી સંબંધિત જોગવાઈઓ નીચે પ્રમાણે છે:
- આ કાયદા મુજબ તથા 'મા અન્નપૂર્ણા યોજના' મુજબ રાજ્યના શહેર જે ગ્રામ્ય વિસ્તારનાં જરૂરિયાતમંદ મધ્યમ વર્ગનાં ગરીબ કુટુંબોને વાજબી ભાવથી અનાજ આપવામાં આવે છે. તદ્ઉપરાંતરાજ્યનાં અંત્યોદય કુટુંબોને તેમજ ગરીબી રેખા નીચે જીવતાં તમામ કુટુંબોને પ્રતિમાસ 35 કિલોગ્રામ અનાજ મફત આપવામાં આવે છે.
- આ કાયદા હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા ગર્ભવતી સ્ત્રીઓને પ્રસૂતિ સહાયરૂપે રૂ. 6,000 આપવામાં આવશે.
- આ કાયદા હેઠળ રાજ્ય સરકાર તમામ લાભાર્થીઓને ભોજન કે અનાજના બદલામાં 'અન્ન સુરક્ષા ભથ્થું' મેળવવા હકદાર બનાવી શકાય છે.
- આ કાયદા હેઠળ ગુજરાત સરકાર દ્વારા અંત્યોદય અને ગરીબીરેખા હેઠળ જીવતાં કુટુંબોને દર માસે નિયત માત્રામાં ખાંડ, અયોડાઈઝ મીઠું અને કેરોસીન તથા વર્ષમાં બે વખત ખાદ્યતેલ રાહતદરે વાજબી ભાવની દુકાનો દ્વારા આપવામાં આવે છે.
- રાજ્ય સરકારો આ અગ્રીમ કુટુંબોની યાદીઓ સુધારીને અદ્યતન બનાવશે. એ યાદીનાં નામોની યાદીઓ દરેક કુટુંબની મહિલાના નામે ગ્રામપંચાયતોની ગ્રામસભાઓમાં, નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓની વોર્ડસભાઓમાં, ઈ-ગ્રામ કે વાજબી ભાવની દુકાનો પર તેમજ મામલતદાર કચેરીમાં અને પુરવઠા વિભાગની વેબસાઈટ પર જાહેરમાં પ્રદર્શિત કરશે.
- જાહેર વિતરણ પ્રણાલીને ભ્રષ્ટાચાર મુક્ત બનાવવા માટે 'બાયોમેટ્રિક ઓળખ', એપિક કાર્ડ, બારકોડેડ રેશનકાર્ડ, અન્ન કૂપન અને વેબકેમેરાથી ઈમેજ વગેરે પગલાં ભરવામાં આવ્યાં.
- રાજ્યમાં અનાજ વિતરણ વ્યવસ્થાનું નિયમન અને નિયંત્રણ કરવા 'રાજ્ય અન્ન આયોગ'ની રચના તેમજ 'ફૂડ કમિશનર'ની નિમણુક કરવામાં આવશે.

## પ્રશ્ન 2: નીચેના પ્રશ્નોના ઉત્તર મુદ્દાસર લખો:

**(1) સામાજિક પરિવર્તન થવાનાં મુખ્ય પરિબળો જણાવો.**

- સમાજની રચનાના માળખામાં અને વિવિધ સામાજિક સંસ્થાઓમાં આવતા બદલાવને સામાજિક પરિવર્તન કહે છે.
- <u>સામાજિક પરિવર્તન થવાનાં મુખ્ય પરિબળો:</u>
- પશ્ચિમીકરણ, વૈશ્વિકીકરણ અને શહેરીકરણના કારણોસર સામાજિક સંબંધોમાં, કુટુંબ વ્યવસ્થામાં, લગ્ન વ્યવસ્થામાં પરિવર્તનો થયા.
- લોકોની જીવનશૈલી, સાહિત્ય અને કલા-સંગીત અને નૃત્યના ક્ષેત્રોમાં આમૂલ સાંસ્કૃતિક પરિવર્તનો આવ્યાં છે, જેના લીધે લોકો એકબીજાની સંસ્કૃતિથી પરિચિત થયાં.
- ભૌતિક ચીજવસ્તુઓ, ભોગવિલાસનાં સાધનો, આધુનિક ઉપકરણોનો ઉપયોગ તથા રોજિંદા

જીવનમાં વપરાતાં વિવિધ સાધનો અને સુવિધાઓ ગ્રામીણ સમાજ સુધી પહોંચ્યાં છે.

- રહેઠાણોના બાંધકામની અદ્યતન શૈલીમાં પણ પરિવર્તન આવ્યું છે.
- સમાજમાં ભૌતિક પરિવર્તનો થકી લોકોનાં જીવનધોરણ સુધર્યા.
- આમ, મુખ્યત્વે પશ્ચિમીકરણ, વૈશ્વિકીકરણ, શહેરીકરણ, સાંસ્કૃતિક, આર્થિક, રાજકીય, શૈક્ષણિક અને વૈચારિક પરિબળો તેમજ પ્રચાર માધ્યમો જેવાં પરિબળોની અસરને કારણે સામાજિક પરિવર્તન શક્ય બન્યું છે.

### (2) કાયદાના સામાન્ય જ્ઞાનની જાણકારી શાથી જરૂરી બની છે?

- કાયદાના સામાન્ય જ્ઞાનની જાણકારી નીચેનાં કારણોસર જરૂરી છે:
- કાયદાના સામાન્ય જ્ઞાન અને કાયદાના શિક્ષણ થકી પ્રજાજન કાયદાનો ભંગ કરતાં કે ગુનાહિત કરી કરતાં અટકે છે અને શિક્ષા કે દંડની જોગવાઈઓથી બચી શકાય છે.
- શોષણ અને અન્યાય સામે લડવા કેવાં કાયદેસરનાં પગલાં લઈ શકાય તેનું માર્ગદર્શન મેળવી શકાય.
- બંધારણીય હક્કો અને વ્યક્તિગત હિતોના રક્ષાણાર્થે, અધિકારો સારી રીતે ભોગવી શકીએ.
- વ્યક્તિના સંરક્ષણ અને ઉત્કર્ષ અર્થે બનાવેલી વિવિધ કાયદાકીય જોગવાઈઓથી માહિતગાર બની શકાય.
- સમાજ, રાજ્ય અને રાષ્ટ્ર પ્રત્યેની તેની વફાદારી વધે.
- સમાજના જવાબદાર નાગરિક તરીકેનાં હક્કો, અધિકારોથી વંચિત ન રહે તેમજ સામાન્ય નાગરિક તરીકેની ફરજો અદા કરી શકાય.
- કાયદાના જ્ઞાન અને સમજથી પ્રત્યેક વ્યક્તિ સમાજમાં પ્રતિષ્ઠા અને ગૌરવભર્યું જીવન જીવી શકે તે માટે કાયદાનું સામાન્ય જ્ઞાન અને જાણકારી અત્યંત જરૂરી છે.

### (3) 'બાળવિકાસ એ આર્થિક વિકાસની પૂર્વશરત છે.' - સમજાવો.

- કોઈ પણ રાષ્ટ્રના વિકાસનો આધાર તેનાં બાળકોની સુરક્ષિતતા, શિક્ષણ, સંસ્કાર અને તેને પૂરી પાડેલ વિકાસની તકો પર નિર્ભર છે.
- જો બાળકો શિક્ષિત, રક્ષિત અને સંસ્કારી હશે તો તેઓ સારા નાગરિકો બનીને કુટુંબ, સમાજ અને રાષ્ટ્રના વિકાસમાં યથાશક્તિ યોગદાન આપી શકશે. આવા નાગરિકો રાષ્ટ્ર માટે આશીર્વાદરૂપ અને વરદાનરૂપ બની શકે છે.
- બાળકો રાષ્ટ્રની સંપત્તિરૂપ છે. તેથી તેમનો ઉછેર, સારસંભાળ અને વિકાસ ખૂબ જ કાળજીપૂર્વક અને જવાબદારીપૂર્વક કરવો જોઈએ.
- તેમનો શારીરિક, માનસિક અને બૌદ્ધિક વિકાસ કરી તેમનામાં નૈતિક મૂલ્યોનાં સંવર્ધન દ્વારા તેમને સમાજના વિકાસ માટે સ્વસ્થ અને જવાબદાર નાગરિક બનાવી શકાય છે.
- આથી કહી શકાય કે બાળવિકાસ અને બાળકલ્યાણ સાધવું એ સામાજિક વિકાસની પૂર્વશરત છે.

### (4) ભ્રષ્ટાચાર નાથવાના સરકારી પ્રયાસો જણાવો.

- ભ્રષ્ટાચાર નાથવાના સરકારી પ્રયાસો નીચે પ્રમાણે છે:
- ભારત સરકારે 1964માં 'કેન્દ્રીય લાંચરુશવત વિરોધી બ્યૂરો'ની સ્થાપના કરી છે, જે સરકારી

કર્મચારીઓ વિરુદ્ધ થયેલા ભ્રષ્ટાચારના આરોપીની તપાસ કરે છે. જો આરોપો સાચા જણાય તો તે ગુનેગારોને અદાલતની શિક્ષા કરાવે છે.

- ગુજરાતમાં આ સંસ્થાની મુખ્ય કચેરી અમદાવાદમાં શાહીબાગ વિસ્તારમાં આવેલી છે. જાહેર જનતાને ભ્રષ્ટાચાર સંબંધી કોઈ ફરિયાદ હોય તો તે હેલ્પલાઇન ટોલ ફ્રી નંબર 1800 2334 4444 પર ફરિયાદ કરી શકે છે.
- ભારત સરકારે 'ભ્રષ્ટાચાર વિરોધી નિયમો - 1988' ઘડ્યા, જે દ્વારા સાર્વજનિક જીવનને શુદ્ધ કરવું અને સત્તા કે પદનો દુરુપયોગ થતો રોકવો એ હેતુ છે.
- આ અધિનિયમ અનુસાર લાંચરુશવત, છેતરપિંડી, આર્થિક લાભ, પદની સત્તાનો દુરુપયોગ, આવક કરતાં વધારે સંપત્તિ એકઠી કરવી વગેરે બાબતો શિક્ષાપાત્ર ગુનો ગણાય છે. દોષિત ગુનેગાર આ અધિનિયમ અંતર્ગત જેલની સજા અને દંડને પાત્ર ગણાય છે.
- કેન્દ્ર સરકારે 'માહિતી અધિકાર – 2005' અને 'નાગરિક અધિકારપત્ર' અમલી બનાવ્યા છે. આ કાનૂની પ્રબંધ મુજબ દરેક કર્મચારીએ પોતાને સોંપાયેલાં વહીવટી કાર્યો નિયત સમયમર્યાદામાં પૂરા કરવાની બાંહેધરી આપવાની હોય છે. સરકારના આ પ્રયાસોનો હેતું પારદર્શક અને સરળ વહીવટણી જાહેર જવાબદારી વધારવાનો છે.
- કેન્દ્ર સરકારે તાજેતરમાં 'બ્લેક મની ઍક્ટ – 2005' અમલમાં મૂક્યો છે, જેમાં ભ્રષ્ટાચારને શિક્ષાપાત્ર અપરાધ માનવામાં આવ્યો છે.
- સરકારે 'ફોરેન એક્સચેઈન્ઝ મૅનેજમેન્ટ ઍક્ટ (FEMA)' કાયદામાં અને 'મની લૅન્ડરીંગ ઍક્ટ'માં અને 'કસ્ટમ ઍક્ટની ધારા 132'માં સુધારા કર્યા છે.
- લોકપાલ અને લોકાયુક્તની નિમણૂકની જોગવાઈ કરીને સરકારે કાળુનાણું શોધવાના અને ભ્રષ્ટાચાર ડામવાના નક્કર પ્રયાસો કર્યા છે.
- સરકારી અધિકારી દ્વારા આચરેલ સત્તાના બેફામ ઉપયોગ અને ભ્રષ્ટાચારની ફરિયાદને આધારે ખાતાકીય તપાસનું કાર્ય ગુજરાત તકેદારી સેવા આયોગ, ગાંધીનગર કરી રહ્યું છે.

### (5) અન્ન સલામતી વિધેયકના હેતુઓ વર્ણવો.

- અન્ન સુરક્ષા એટલે 'દરેક વ્યક્તિ માટે બધા જ સમયે સક્રિય અને સ્વસ્થ જીવન માટે પૂરતા પોષણક્ષમ આહારની પ્રાપ્તિ.'
- રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો કેન્દ્ર સરકારે 5 જુલાઈ, 2013ના રોજ અમલમાં મૂક્યો.
- રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદાના મુખ્ય હેતુઓ નીચે પ્રમાણે છે:
- દેશની વધતી જતી જનસંખ્યાની અનાજની માંગ સંતોષવી તેમજ દરેક સમયે સસ્તા દરે પૂરતા પ્રમાણમાં ગુણવત્તા સભર અનાજ પૂરું પાડવું.
- બાળકોમાં કુપોષણની સમસ્યા નિવારવા યોગ્ય સંબંધ કરવો તેમજ પોષણયુક્ત આહારના કુલ ઉત્પાદનને પ્રોત્સાહન આપવું.
- અનાજ વહેંચણીની 'જાહેર વિતરણ પ્રણાલી' ને વધુ સંગીન, પારદર્શક અને સરળ બનાવવી.

- અંત્યોદય કુટુંબોને અને ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબોને પોષણક્ષમ આહારરૂપે રાહતદરે પૂરતા પ્રમાણમાં અનાજ અને જીવનજરૂરીયાતોની અન્ય વસ્તુઓ પૂરી પાડવી.
- ગર્ભવતી સ્ત્રીઓ અને સ્તનપાન કરાવતી માતાઓને પોષણક્ષમ આહારની જરૂરિયાત પૂરી પાડવી.

## પ્રશ્ન 3: નીચેના પ્રશ્નોના ઉત્તર ટૂંકમાં લખો:

### (1) બાળશ્રમિકની માંગનું પ્રમાણ શા માટે વધુ હોય છે ?

- બાળશ્રમિકની માંગનું પ્રમાણ વધુ હોવાનાં કારણો નીચે પ્રમાણે છે:
- ગરીબી, માતા-પિતાની નિરક્ષરતા, કુટુંબનું મોટું કદ, કૌટુંબિક જરૂરિયાતને પહોંચી વળવા કૂટુંબની આવકમાં બાળમજૂરી કરીને આવક વધારવાના પ્રયાસ કરવામાં આવે છે.
- કુટુંબના પુખ્ત સભ્યોની બેકારીને લીધે અમુક બાળકો, ઘરેથી ભાગીને શહેરમાં વસતાં બાળકો આશ્રયના અભાવે
- બાળક એ શ્રમનું સૌથી સસ્તું ઉત્પાદનનું સાધન છે. પુખ્ત વયનાં શ્રમિકો કરતા બાળશ્રમિકો પાસે તુલનાત્મક રીતે ઓછા વેતને કામ કરાવી શકાય છે.
- તેઓ અસંગઠિત હોઈ, સંગઠનના અભાવે માલિકો વિરુદ્ધ અવાજ ઉઠાવી શકતા નથી કે વિરોધ પ્રદર્શિત કરી શકતાં નથી. તેથી બાળશ્રમિકોનું સરળતાથી, તેમને ખબર ન પડે તે રીતે, વિવિધ સ્વરૂપે શોષણ કરી શકાય છે.
- કઠિન કે જોખમી પરિસ્થિતિઓમાં પણ ઓછા વેતને અને નિર્ધારિત કામના કલાકોથી વધુ કામ કરાવી, ધમકાવીને અને લાલચ આપીને કરાવી શકાય છે.
- બાળશ્રમિકોની સંખ્યા વધુ છે, તેથી ખૂબ જ પ્રમાણમાં અને સરળતાથી તેઓ મળી રહે છે.
- બાળકોને ભણવાની ઉંમરે કુટુંબના સભ્યોની જરૂરિયાતોની પૂર્તિ કરવા, કમાવવાના વધુ બે હાથ રૂપે માતાપિતા બાળકોને જુએ છે અને મજૂરીએ ધકેલે છે.

### (2) નાગરિકોના મૂળભૂત અધિકારો જણાવો.

- ભારતના બંધારણે દેશના નાગરિકોને નીચેના છ મૂળભૂત અધિકારો આપ્યા છે:

  (1) સમાનતાનો અધિકાર

  (2) સ્વતંત્રતાનો અધિકાર

  (3) શોષણ વિરોધી અધિકાર

  (4) ધાર્મિક સ્વતંત્રતાનો અધિકાર

  (5) સાસ્કૃતિક અને શૈક્ષણિક અધિકાર

  (6) બંધારણીય ઈલાજોનો અધિકાર

**(3) બાળમજૂરીનાં વિવિધ સ્વરૂપો વર્ણવો.**

- ભારતીય અર્થતંત્રના લગભગ બધાં ક્ષેત્રોમાં બાળમજૂરી વિપુલ પ્રમાણમાં જોવા મળે છે.
- હોટેલો, ફેક્ટરીઓ, બાંધકામનાં ક્ષેત્રમાં, જોખમી વ્યવસાયોમાં જેવા કે ફટાકડાના વ્યવસાયમાં અને ઈંટોના ભઠ્ઠામાં, કૃષિક્ષેત્ર સાથે સંકળાયેલા કાર્યોમાં ખેતમજૂર, પશુપાલન અને મત્સ્ય ઉછેર પ્રવૃત્તિઓમાં વગેરેમાં બાળશ્રમિકો કામ કરે છે.
- સેવાક્ષેત્રે ઘરનોકર તરીકે, ચાના લારી-ગલ્લાઓ, હોટેલો અને ઢાબાઓમાં, ગૅરેજોમાં, લારી ખેંચવી, અખબાર વેચાણમાં, પ્લાસ્ટિક કે ભંગાર વીણવાં જેવા કાર્યોમાં, ભીખ માંગતા કે રસ્તા પર સાફ-સફાઈના કામોમાં મજૂરી કરતા બાળકો જોવા મળે છે.

**(4) ભ્રષ્ટાચાર ભાવવધારાનું એક કારણ છે. શા માટે?**

- ભ્રષ્ટાચાર કાળા નાણાનું સર્જન કરે છે. એ નાણાથી બજારમાં નાણાનો પૂરવઠો વધે છે. પરિણામે ખરીદશક્તિ વધે છે.
- ખરીદશક્તિ વધવાથી બજારમાં ચીજવસ્તુઓ અને સેવાઓની માંગમાં વધારો થાય છે. આની સામે ચીજવસ્તુઓ અને સેવાઓનો પુરવઠો માંગના પ્રમાણમાં વધી શકતો નથી.
- બજારમાં માંગ અને પુરવઠા વચ્ચે અસમતુલા ઊભી થાય છે.
- આમ, અર્થતંત્રમાં ચીજસ્તુઓ અને સેવાઓના કુલ પુરવઠા કરતાં તેમની કુલ માંગ સતત વધે છે ત્યારે ચીજવસ્તુઓ અને સેવાઓની કિંમતોમાં એકસાથે ઊંચા દરે વધારો થાય છે, જેથી ભાવસપાટી ઊંચે જાય છે.
- આથી કહી શકાય કે ભ્રષ્ટાચાર ભાવવધારાનું એક કારણ છે.

**(5) 'મા અન્નપૂર્ણા યોજના'ની મહત્ત્વની જોગવાઈઓ જણાવો.**

- ભારત સરકારે 5 જુલાઈ, 2013ના રોજ રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો - 2013 (RTF-2013) પસાર કર્યો.
- અન્નસુરક્ષા એટલે 'દરેક વ્યક્તિ માટે બધા જ સમયે સક્રિય અને સ્વસ્થ જીવન માટે પૂરતા પોષણક્ષમ આહારની પ્રાપ્તિ.'
- આ કાયદા અન્વયે ગુજરાત સરકારે 'મા અન્નપૂર્ણા યોજના' શરૂ કરી છે.
- આ યોજના હેઠળ રાજ્યના શહેર કે ગ્રામ વિસ્તારનાં જરૂરિયાતમંદ, મધ્યમ વર્ગનાં ગરીબ કુટુંબોને વાજબી ભાવથી અનાજ પૂરું પાડવામાં આવે છે.
- આ ઉપરાંત, રાજ્યનાં અંત્યોદય કુટુંબોને પ્રતિમાસ 35 કિલોગ્રામ અનાજ મફત પૂરું પાડવામાં આવે છે.
- આ યોજના હેઠળ તમામ લાભાર્થીઓને અનાજ પેટે વ્યક્તિ દીઠ ઘઉં રૂ. 2 પ્રતિકિલો, ચોખા રૂ. 3 પ્રતિકિલો અને જાડું અનાજ રૂ. 1 પ્રતિકિલોના ભાવે સમયસર, નિયત માત્રામાં, ગુણવત્તાસભર અનાજ જાહેર વિતરણ પ્રણાલી હેઠળ નિયત શરતોને આધીન પૂરું પાડવામાં આવે છે.

## પ્રશ્ન 4: નીચેના દરેક પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો:

(1) ભારતીય સમાજમાં પરિવર્તન લાવનારું મુખ્ય પરિબળ કયું છે?

(A) રૂઢિઓ-પરંપરાઓ

(B) લોકમત

(C) પશ્ચિમીકરણ

(D) સાક્ષરતા

(2) માનવહક્કોનું ઘોષણાપત્ર કોણે ઘોષિત કર્યું?

(A) ગ્રેટબ્રિટન

(B) સંયુક્ત રાષ્ટ્રો

(C) યુનિસેફ

(D) વિશ્વબેંક

(3) 'વિશ્વ વૃદ્ધદિન'ની ઉજવણી કઈ તારીખે થાય છે?

(A) 8 માર્ચ

(B) 1લી ઑક્ટોબર

(C) 1લી એપ્રિલ

(D) 15મી જૂન

(4) નીચેનામાંથી કઈ માહિતી આપવાનો ઈન્કાર કરી શકાય છે?

(A) ચૂંટણીપંચની

(B) સરકારી યોજનાઓની

(C) ન્યાયિક ચુકાદાની

(D) રાષ્ટ્રની અખંડિતતા અને સાર્વભૌમત્વની બાબતોની

(5) મફત શિક્ષણ મેળવવાના કાયદામાં કઈ બાબતો પર મનાઈ ફરમાવી છે?

(A) જન્મના દાખલા વગર પ્રવેશ

(B) ખાસ તાલીમની સુવિધા

(C) પ્રવેશ કસોટી વિના પ્રવેશ

(D) પ્રવેશ સમયે કેપિટેશન ફી

(6) જાહેર વિતરણ પ્રણાલીને વધુ સુદૃઢ બનાવવા નવી કઈ બાબતો અમલમાં મૂકી છે?

(A) બારકોડેડ રેશનકાર્ડ

(B) એટીએમ કાર્ડ

(C) બાયોમેટ્રિક ઓળખ

(D) ચૂંટણીનું ઓળખપત્ર